ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૭-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

# મોદીને દુશ્મનો શોધવા જવાની જરૂર નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કઠોર પરિશ્રમ કરીને એમના પક્ષને રાષ્ટ્રીય સ્તરે સન્માનજનક સ્થિતિમાં મૂક્યો છે. આગામી પંદરમી ઓગસ્ટે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેઓ ત્રિરંગો ફરકાવશે અને રાષ્ટ્રને વિશિષ્ટ વાક્છટામાં સંબોધન કરશે ત્યારે સમગ્ર વિશ્વનું ધ્યાન એકવીસમી સદીની આગેવાની લેવા ઝડપભેર આગળ વધી રહેલી વિશ્વની સૌથી મોટી લોકશાહી તરફ ખેંચાશે. વિશ્વ જયારે એક નાનકડું ગામડું બની ગયું છે એવા અદ્યતન ટેકનોલોજીના યુગમાં નરેન્દ્ર મોદી સ્વાભાવિક રીતે જ હવે દેશનાં કોઇ નેતા સાથે નહીં બલકે અમેરિકન રાષ્ટ્રપતિ કે ચીનના વડાપ્રધાન સાથે સ્પર્ધા કરવાના મૂડમાં હોય તે સમજી શકાય એમ છે. મોદીમાં એક અજેય યોદ્ધો ધબકી રહ્યો છે જે કોઈની સામે હાર સ્વીકારતાં શીખ્યો નથી. આવા નેતાઓ જ વિશ્વવિજેતા બનતા રહ્યા છે. પરંતુ આવા લોકપ્રિય નેતાઓનું એક સમાન લક્ષણ એ પણ નોંધાયું છે કે તેઓ વધુ પડતાં અહંકારી હોય છે અને વિરોધનો સૂર સાંભળવા તૈયારી દાખવતા નથી. મોદીએ ફ્રાંસના લોકનાયક સમ્રાટ નેપોલિયનની જેમ જે કંઇ જોયું કે ઈચ્છ્યું તે જીતી લેવાની પરંપરા સરજી છે. ગુજરાતના મુખ્યમંત્રીપદની હેટ્રીક લગાવ્યા પછી એમના માટે પછીનું પગલું સીધા જ વડાપ્રધાન થવાનું હતું. મોદી ધારાસભ્ય થયા પહેલાં મુખ્યમંત્રી બની ગયા હતા અને સંસદસભ્ય તરીકે ચૂંટાય તે પૂર્વે લોકચેતનામાં વડાપ્રધાનપદે પ્રસ્થાપિત થઈ ગયા હતા. આવા અજેય લોકનાયક માટે વિપક્ષ કયારેક વિસાતમાં જ ન હોય. અને બન્યું છે પણ એવું જ. બંધારણીય રીતે અધિકૃત વિરોધપક્ષ આજે અસ્તિત્વમાં જ નથી. એથી મોદી સામે જે ખરો પડકાર છે તે એમના પોતાના જ પક્ષના માણસોનો છે. ભાજપના હૂંશીલા લઘુનેતાઓ આંડા અવળાં નિવેદનો કરીને બાફી ન મારે એ માટે પ્રવકત્તાઓને પદ્ધતિસર તાલીમ અપાઇ રહી છે. ગડકરી, સુષમા અને રાજનાથસિંહની જાસૂસીના મુદ્દે ભારે ચોકસાઈપૂર્વક વર્તવું પડે એમ છે. મોદી માટે ભાજપનો ઝમેલો જ બોજારૂપ બની રહ્યો છે. એ પૈકી જે બહુ મહત્ત્વાકાંક્ષી હતા એમને તો મોદીએ સમયસર ચૂપ કરી દીધા છે. સુષમા - જેટલી જેવા વરિષ્ઠ સાથીઓને ઉચિત માનમરતબા સાથે મંત્રીમંડળમાં સમાવ્યા છે. રાજનાથસિંહને પણ એમની વફાદારીનો બદલો ગૃહખાતા સ્વરૂપે ચૂકવી દીધો છે. સૌથી મોટા કદના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીને ભવિષ્યમાં ખાલી પડનારા રાષ્ટ્રપતિની ખાતરી આપી બેસાડી દેવાયા છે અને મુરલી મનોહર જોષી જેવાઓને કયાંક રાજયપાલ બનાવવાનું કે ભવિષ્યમાં ઉપરાષ્ટ્રપતિ બનાવવાનું વચન આપી ચૂપ કરી દેવાયા છે. હવે જે છૂટક છતાં સ્ફોટક મુસીબતો ઊભી કરે છે એ તો અડૂકિયા - દડૂકિયા પ્રદેશ કક્ષાના નેતાઓ કરી રહ્યા છે. દાખલા તરીકે ગોવાના ખ્રિસ્તી ઉપપ્રમુખ્યમંત્રીએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વ્યાખ્યા મુજબ પોતે 'ખ્રિસ્તી હિન્દુ' હોવાનું નિવેદન કરીને મંત્રીમંડળના પોતાના ગોમાંતક પાર્ટીના સાથી સદસ્યનું સમર્થન કર્યું. એ ઉત્સાહી મંત્રીશ્રી વધુ પડતાં ઉમળકામાં આવીને એવું બોલી ગયા હતા કે હવે માનનીય વડાપ્રધાનશ્રી દેશને 'હિન્દુ રાષ્ટ્ર' બનાવી દેશે. મોદી પણ જયારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અદના પ્રચારક હતા ત્યારે આ 'હિંદુ રાષ્ટ્ર'નું સપનું જોતા હતા. પરંતુ હવે તેઓ સવા સો કરોડ જનસંખ્યા ધરાવતા મહાન દેશના સર્વોચ્ચ સત્તાધીશ છે. સ્વાભાવિક છે કે હિંદુઓ સિવાયની પ્રજાને આ પ્રકારની વિચારસરણી ન જ ગમે. મોદીએ જે નવું સૂત્ર આપી સદ્ભાવના કેળવી છે તે છે 'સૌનો સાથ, સૌનો વિકાસ.' હિંદુત્વ અને એવું બધું એમણે દેખાવ પૂરતું પણ બાજુએ મૂકી વિકાસકૂચ પર જ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. એ કયારેય રામમંદિરની વાત છેડતા નથી, સાથે જ ઈફતાર પાર્ટી પણ યોજતા નથી. એમનો સંદેશ અને લક્ષ્ય એકદમ સ્પષ્ટ છે : તેઓ દેશને વિશ્વના નકશામાં એક સમૃદ્ધ અને શક્તિશાળી રાષ્ટ્ર - એક વૈશ્વિક તાકાત તરીકે ઉપસાવવા કૃતસંલ્પ છે.

# ડિસેમ્બરમાં નેટ પરીક્ષા લેવાની તૈયારી શરૂ થઈ

અમદાવાદ, તા. ૨૯

દેશની વિવિધ યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં લેક્ચર બનવા માટે વર્ષમાં બે વખત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ)ની પરીક્ષા લેવામાં આવે છે. અત્યાર સુધી આ પરીક્ષા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા લેવામાં આવતી હતી. જો કે ચાલુ વર્ષથી નેટના પરીક્ષા સીબીએસઈ દ્વારા લેવામાં આવશે.

તાજેતરમાં મળેલ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે જે મુજબ દેશભરની યુનિવર્સિટીઓ અને સંલગ્ન કોલેજોમાં લેક્ચરર બનવા માટેની ફરજીયાત એવી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ)ની પરીક્ષાના સંચાલનનું કામ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ને સોપવામાં આવ્યું છે. અત્યાર સુધી નેટની પરીક્ષા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા લેવામાં આવતી હતી તેમજ વર્ષમાં બે વખત આ પરીક્ષાનું આયોજન કરવામાં આવતું હતું. હવેથી આ પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવામાં આવશે. જે અંતર્ગત ચાલુ વર્ષ ડિસેમ્બર મહીનામાં દેશભરમાં એક સાથે સીબીએસઈ દ્વારા નેટની પરીક્ષા લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કોલેજોમાં લેક્ચરર બનવા માટે ઉમેદવારે નેટની પરીક્ષા પાસ કરેલી હોવી ફરજીયાત છે.

# એસ.જી. પ્રાથમિક શાળામાં વાંચન સ્પર્ધા યોજાઈ

## ધો. ૧ થી ૪ ના ૬૯ બાળકોએ વાંચન સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના બાળકો માટે તા. ૨૬મી જુલાઈના રોજ વાંચન સ્પર્ધા યોજાઈ હતી. ધોરણ ૧ થી ૪ ના બાળકો માટે યોજાયેલી આ સ્પર્ધામાં ૬૯ બાળકોએ ભાગ લીધો હતો અને સુંદર રીતે વાંચવાનો પ્રયત્ન કર્યો હતો.

ધોરણ-૧ ના બાળ ભૂલકાઓ માટે કાવ્ય વાંચન, ધોરણ-૨, ૩ ના બાળ ભૂલકાઓ માટે વાર્તા વાંચન અને ધોરણ-૪ ના બાળકો માટે વર્તમાનપત્ર વાંચન સ્પર્ધાનું સુંદર આયોજન થયું હતું. નાના નાના ભૂલકાઓએ પોતાની કાલી ભાષામાં કાવ્યનું સુંદર તેમજ લયબદ્ધ વાંચન કર્યું હતું. તેમજ વાર્તાને સુંદર રીતે સંભળાવી હતી. ધોરણ-૪ના બાળકોએ વર્તમાનપત્રમાં આવતા સમાચાર કેવી રીતે સ્પષ્ટ અને લયબદ્ધ રીતે વાંચી શકાય તેનું દૃષ્ટાંત પુરૂ પાડ્યું હતું. મુખ્ય સમાચાર, રમતગમતના સમાચાર, રાજકીય કે શૈક્ષણિક સમાચારના મુખ્ય મુદ્દાઓનું મોટેથી વાંચન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં શાળાના વર્ગ શિક્ષકોએ સુંદર કામગીરી સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે માલતીબેન અને સાધનાબેને પોતાની કામગીરી તથસ્થ રીતે સંભાળી હતી. શાળાના આચાર્યા દ્વારા બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું. શિક્ષણની સાથે સાથે બાળકોનો 'સ્ટેજ ફિયર' દૂર થાય અને નિર્ભિક રીતે બાળકો સ્પષ્ટ વાંચન કરી શકે તે આશયથી સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# યુનિ. હોસ્ટેલમાં ગેરકાયદે રહેતા ૧૫ શખ્સ ઝડપાયા

## ફરિયાદ બાદ યુનિવર્સિટી પોલીસે રેડ પાડીને વધુ કાર્યવાહી હાથ ધરી : અસામાજિક તત્વોને લઈને વાલીઓ ચિંતાતુર

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં અસામાજીક તત્વો ગેરકાયદેસર વસવાટ કરી અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા હોવાની ફરીયાદ ઉઠવા પામી છે ત્યારે યુનિવર્સિટી પોલીસે હોસ્ટેલમાં દરોડા પાડીને ગેરકાયદેસર વસવાટ કરતાં ૧૫ શખ્સોને ઝડપી પાડ્યા હતા. આ સાથે જ યુનિવર્સિટી હોસ્ટેલમાં અસામાજીક તત્વોને લઈ ચાલતી ચર્ચાએ વધુ વેગ પકડ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં વેકેશન દરમિયાન કોઈને પ્રવેશ ફાળવવામાં આવતો નથી. તેમ છતાં કેટલાક અસામાજીક તત્વો હોસ્ટેલના રૂમોના તાળા તોડી ગેરકાયદેસર વસવાટ કરતા હોવાની ફરીયાદો વારંવાર ઉઠવા પામે છે એટલું જ નહીં આ અસામાજીક તત્વો હોસ્ટેલની રૂમોમાં દારૂ પીવો, છોકરીઓની છેડતી કરવી જેવી અસામાજીક પ્રવૃત્તિઓ કરતાં હોવાની વાતો સામે આવે છે. જો કે તે આ અંગે વારંવાર રજુઆત છતાં યુનિવર્સિટી તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં નથી આવતા. ત્યારે યુનિવર્સિટી પોલીસ દ્વારા ગત રાત્રે યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલમાં દરોડા પાડવામાં આવ્યા હતા જે દરમિયાન યુનિવર્સિટી હોસ્ટેલમાં ગેરકાયદેસર વસવાટ કરતાં ૧૫ શક્સો ઝડપાયા હતા. પોલીસ દ્વારા આ શખ્સોએ તેમના વાલી બોલાવી ઠપકો આપી છોડી મુકવામાં આવ્યા હતા. જો કે આ ઘટના સામે આવ્યા બાદ યુનિવર્સિટી હોસ્ટેલમાં અસામાજીક તત્વો ગેરકાયદેસર વસવાટ કરતાં હોવાની ચર્ચાએ નવો વેગ પકડ્યો છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ યુનિવર્સિટી હોસ્ટેલમાં અસામાજીક તત્વો ગેરકાયદેસર વસવાટ કરતાં હોવાની વિદ્યાર્થી સંગઠનો દ્વારા યુનિવર્સિટી તંત્ર સમક્ષ રજુઆત કરાઈ હતી.



આજે ઈદે-મિલાદનો તહેવાર મુસ્લિમ ભાઈઓએ ઉલ્લાસથી મનાવ્યો હતો. સવારથી જ વિવિધ ઈદગાહ અને મસ્જિદમાં નમાઝ અદા કરી એકબીજાને 'ઈદ મુબારક' પાઠવ્યા હતા અને 'શીર ખુરમા' ખાઈ મોં મીઠું કરાવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# ડોક્યુમેન્ટ જમા ન કરાવનાર વિદ્યાર્થીઓના પ્રવેશ રદ થશે

## એમઈ, એમટેક, એમ ફાર્મમાં પ્રવેશ માટે ૩૧મી જુલાઈ સુધી ડોક્યુમેન્ટ જમા કરાવવાના હશે : પ્રવેશને લઈ ચર્ચા

અમદાવાદ, તા. ૨૯

એડમિશન કમિટી ઓફ પ્રોફેશનલ કોર્સીસ દ્વારા અત્યારે દરેક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની પ્રક્રિયા ચાલી રહી છે જે અંતર્ગત એમઈ, એમટેક અને એમ ફાર્મમાં પ્રવેશ માટેનું મેરીટ લીસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે જેથી મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે આગામી ૩૧ જુલાઈ સુધી પોતાના ડોક્યુમેન્ટ કોલેજોમાં જમા કારવી શકશે. સેન્ટ્રલ વર્ગોઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ માટે માસ્ટર ઓફ એન્જીનીયરીંગ, માસ્ટર ઓફ બાયોટેકનોલોજી અને માસ્ટર ઓફ ફાર્મસીના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજી મંગાવ્યા બાદ એસીપીસી દ્વારા પ્રવેશ માટેના મેરીટની જાહેરાત કરી દેવામાં આવી છે. જેથી એમઈ, એમટેક અને એમફાર્મના મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટે હેલ્પ સેન્ટરમાં પોતાના ઓરીજનલ ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે જે વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટ જમા કરાવવાના બાકી હોય તેમને ૩૧ જુલાઈ સુધીની મુદત આપવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓએ નજીકના હેલ્પ સેન્ટર પર જરૂરી ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવી જમા કરાવવાના રહેશે. હેલ્પ સેન્ટર ખાતે ૩૧ જુલાઈ સાંજે પાંચ વાગ્યા સુધી ડોક્યુમેન્ટ સ્વીકારવામાં આવશે. જો વિદ્યાર્થીઓએ નિશ્ચિત સમયમાં ડોક્યુમેન્ટ જમા નહીં કરાવે તો મેરીટ યાદીમાં સમાવેશ થતો હોવા છતાં તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે.

# આચાર્ય હેમચંદ્રનું મહાદેવ સ્તોત્ર

**પ્રસંગસર**
રશ્મિકાંત મહેતા

સમગ્ર શ્રાવણ મહિનો શિવમહિમાનો છે. તેનો આજે પ્રથમ સોમવાર છે. સોમાવારે શિવપૂજનનો વિશેષ મહિમા છે. આજના દિવસે કાલિકાલસર્વજ્ઞ જૈન આચાર્ય હેમચંદ્રે રચેલા મહાદેવ સ્તોત્રનું સ્મરણ હર્ષ ઉપજાવે છે.

ભારતીય પ્રજામાં રહેલી બિનસાંપ્રદાયિક અભિગમની પરંપરાને સંવર્ધિત કરવામાં વંદનીય વિભૂતિઓનું પ્રદાન મહત્ત્વનું છે. ગુજરાતના હેમચંદ્રાચાર્ય (ઇ.૧૦૮૯ - ઇ. ૧૧૭૩) નું આ વિભૂતિઓમાં ગૌરવપૂર્ણ સ્થાન છે. તેઓ સિદ્ધરાજ જયસિંહની અને એના અનુગામી કુમારપાળની બંને સોમનાથ યાત્રાઓમાં એમની સાથે હતા. રાજર્ષિ કુમારપાળે સોમનાથ મંદિરનો જીણોદ્ધાર કરાવ્યો હતો. આચાર્યએ 'કુમારપાલચરિત્ર' સંસ્કૃત મહાકાવ્યની રચના કરી હતી. તેમાં (સર્ગ ૨૦ - શ્લોક ૯૦ થી ૯૭) આ જીણોદ્ધારનો વૃત્તાન્ત આપ્યો છે. ઇ. ૧૧૪૪માં કુમારપાળ સોમનાથયાત્રાએ આવ્યા, ત્યારે તે મહાદેવની પૂજા કરતા હતા. એ વખતે આચાર્ય શીઘ્રકવિત્વને કારણે, મહાદેવ સ્તોત્રની રચના કરતા ગયા અને એનું ગાન કરતા ગયા.

સ્તોત્રનું આ રીતે મહત્ત્વ છે : જૈન આચાર્યનો મહાદેવ તરફનો ભક્તિભાવ અને સ્તોત્રમાં નિરૂપાયેલું મહાદેવનું સ્વરૂપ સ્તોત્રનું નામ છે. 'શ્રી મહાદેવ દ્વાત્રિશિંકા.' એની પુસ્તિકામાં આનું નામ છે 'મહાદેવ બત્તીસી' આમાં સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદમાં ૩૨ શ્લોક છે, છેલ્લો તેત્રીસમો શ્લોક છે તે ઉતાર્યા છે છંદમાં. આચાર્ય પાસે મહાદેવ સ્તોત્રની રચના વખતે એક પુરોગામી ઉદાહરણ હતું. આચાર્ય હરિભદ્ર સૂરિ (ઇ. ૬૪૪ - ઇ. ૭૪૩) એ અગાઉ 'મહાદેવાષ્ટક'ની રચના કરી હતી.

આચાર્ય સ્તોત્રનો પ્રારંભ કરે છે -

પ્રશાન્તં દર્શનં યસ્ય, સર્વભૂતાભયપ્રદમ્ ।
માંગલ્યં પ્રશસ્તં ચ, શિવસ્તેન વિભાવ્યતે ॥ (૧)

શિવજીનું દર્શન - મનને શાંત કરનારું છે, બધાં પ્રાણીઓને અભય આપનારું છે, કલ્યાણ કરનારું છે, ઉત્તમ છે. તેથી સૌ કોઇ તેનું દર્શન કરે છે.

તે રાગદ્વેષ વગરના છે, તેને પ્રણામ, તેનામાં મહત્તા અને સામર્થ્ય છે; તેથી મહેશ્વર છે.

તે મહાદેવ છે, કારણ કે (૧) આ લોક અને પરલોકને પ્રકાશિત રાખતું તેનું જ્ઞાન મહાન છે. (૨) કામ, ક્રોધ વગેરે મોટા લૂંટારાઓને તેણે જીતી લીધા છે. (૩) મહાન સદ્ગુણો વાળા છે. (૪) તે મહતી માયાને વશ થતાં નથી. તેણે મહાન કામદેવને હણ્યો છે. (૫) એમનાં દયા, દમન, ક્ષમા, તપ, મૌન, યોગ - બધું મહાન છે. (૬) તેમના સત્ત્વ, ધૈર્ય, ચારિત્ર્ય, પૂજાયોગ્યતા - આ બધું મહાન છે.

તે સ્વયંભૂ છે. કારણ કે એમનામાં લોક-પરલોક ને પ્રકાશિત રાખનારું જ્ઞાન, અનંત વીર્ય અને અનંત ચારિત્ર્ય છે, તે સ્વયં પ્રગટેલાં છે. તે કલ્યાણકારક છે, તેથી 'જિન' કહેવાય છે, તે શંકર તરીકે પ્રસિદ્ધ છે.

તેને સ્ત્રી, અલંકાર વગેરે માટે આસક્તિ નથી. તે પોતે આકાર વગરનાં છે, છતાં ભક્તોને માટે આકાર વાળા છે. તેનામાં પરમ શક્તિ અને દયા છે, તેથી તે પરમાત્મા છે. તે દેહમાં રહેલો અંતરાત્મા છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - જુદા જુદા લાગે છે. જેમ કે - બ્રહ્મા ચતુર્મુખ છે, મહેશ ત્રિનેત્ર છે, વિષ્ણુ ચતુર્ભુજ છે. પરંતુ તત્ત્વતઃ એ એના જ ત્રણ અંશો છે. પૃથ્વી, જળ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય - આઠ એની વિભૂતિઓ છે; આ આઠ ગુણો છે. પૃથ્વી ક્ષમા છે. જળ શાંતિ અને પ્રસન્નતા છે, વાયુ અનાસક્તિ છે, અગ્નિ યોગ છે, યજમાન આત્મા છે, આકાશ દાન-દયા છે, સોમ સમતા છે અને સૂર્ય જ્ઞાન છે.

આ 'અર્હત્' છે. સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો આને પ્રણામ કરવા. આ પદમાં 'અ' થી વિષ્ણુ, 'ર' થી બ્રહ્મા અને 'હ' થી હર (મહાદેવ) સમજવું. આ રીતે સમજવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે. આ બ્રહ્મા અથવા વિષ્ણુ અથવા મહેશ્વરને પ્રમાણ.

બ્રહ્મા વા વિષ્ણુર્વા મહેશઅવરો વા નમસ્તસ્મૈ ॥ (૩૩)

આજના દિવસે આદર્શ સમન્વયને પ્રગટ કરતા આ વિલક્ષણ રીતના સ્તોત્રના રચયિતાને પ્રણામ.

## હરિની દૃષ્ટિ...




બાબાએ લીન્ક મોકલી છે, આપણાં ગુરુજીએ ફરાળી વાનગીની ઓનલાઈન સાઇટ લોન્ચ કરી છે. આપણે હવે તેમાંથી જ ફરાળ મંગાવવાનું છે...!!

# એસ.જી. પ્રાથમિક શાળાના બાળકોએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની સેક્ટર-૨૩માં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૫-એ, બી, સી, ડી અને ઈના વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આવેલા સાયન્સ સીટીની મુલાકાત લઈ વિજ્ઞાન દર્શન કર્યું હતું.

શાળાના ધોરણ-૫ના બાળકો સાથે વર્ગ શિક્ષકોએ ગત રોજ સાયન્સ સીટીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. સવારે બાળકો સાયન્સ સીટી પહોંચી ગયા હતા અહીં વર્ગ શિક્ષકો સાથે બાળકોએ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો નિહાળ્યા હતા. સાયન્સ સીટીમાં બાળકોએ 'અન્ડર ધ સી' થ્રી ડી ફિલ્મ નિહાળી હતી. આકાશમાં રહેલા વિવિધ ગ્રહો-તારાઓ વિશે પણ બાળકોને સમજ આપવામાં આવી હતી. આકાશ દર્શન બાદ બાળકોએ 'સ્પેશ શટલ' વિશે પણ માહિતી મેળવી હતી. સવારથી માંડીને બપોર સુધી બાળકોએ વિજ્ઞાનનું વિવિધ દર્શન કર્યું હતું. આનંદ અને ઉલ્લાસ સાથે શાળાની ત્રણ લક્ઝરી બસ બાળકોને લઈને પરત ફરી હતી. દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ ખૂબ જ મઝા કરી હતી. શિક્ષણની સાથે સાથે આનંદ મેળવ્યો હતો. સાયન્સ સીટીનો પ્રવાસ ખરેખર આનંદદાયક શૈક્ષણિક પ્રવાસ બની ગયો હતો. શિક્ષકોએ પણ પ્રવાસને બાળકો સાથે મળીને માણ્યો હતો.



## જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. અમેરિકાની સૌથી ઊંચી ઈમારત કયા આવેલી છે ?
→ **શિકાગો**

૨. તાજેતરમાં માલદીવના છઠ્ઠા રાષ્ટ્રપતિ પદે કોની નિયુક્તિ થઈ ?
→ **અબ્દુલા યામીન**

૩. તાજેતરમાં ઈમોમલી રબમોન કયા દેશના રાષ્ટ્રપતિ પદે ફરીવાર ચુંટાયા ?
→ **તજાકિસ્તાન**

૪. તાજેતરમાં બાંગ્લાદેશમાં વિશ્વની કઈ એક મહત્ત્વની ઘટના બની ?
→ **૧૫૨ રાઇફલ્સના જવાનોને મૃત્યુદંડ**

૫. તાજેતરમાં બાંગ્લાદેશમાં રાઈફલ્સના ૧૫૨ જવાનોને મૃત્યુદંડની સજા કોને આપી ?
→ **ન્યાયાધીશ મોહમ્મદ અખ્તરૂજજામન**

૬. વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ-૨૦૧૩ના વિજેતા કોણ છે ?
→ **મેગન્સ કાર્લસન**

૭. વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ-૨૦૧૩ના વિજેતા મેગન્સ કાર્લસન કયાંના વતની છે ?
→ **નોર્વે**

૮. વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ-૨૦૧૩ કયાં યોજાઈ હતી ?
→ **ચેન્નાઇ**

૯. વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ-૨૦૧૩નો ખિતાબ મેગન્સ કાર્લસન કોને હરાવીને હાંસલ કર્યો ?
→ **વિશ્વનાથ આનંદ**

૧૦. ૨૦૧૩માં અબુધાબી ગ્રાંડ પિક્સ પ્રતિયોગિતા કોણે જીતી હતી ?
→ **સેબેસ્ટિયન વેટલ**

૧૧. ૨૦૧૩ની બ્રાઝીલ ગ્રાંડ પિક્સ પ્રતિયોગિતા જીતનાર સેબેસ્ટિયન વેટલ કયાંના વતની છે ?
→ **જર્મની**

૧૨. ૨૦૧૩માં ટોરેક્સ નહેરૂ સિનિયર હોકી ટુર્નામેન્ટ કયાં યોજાઈ હતી ?
→ **શિવાજી સ્ટેડિયમ, દિલ્હી**

૧૩. ૨૦૧૩માં કેટલામી ટોરેક્સ નહેરૂ સિનિયર હૉકી ટુર્નામેન્ટ યોજાઈ હતી ?
→ **૫૦મી**

૧૪. ૨૦૧૩માં ૫૦મી ટોરેક્સ નહેરૂ સિનિયર હોકી ટુર્નામેન્ટમાં કઈ ટીમ જીતી હતી ?
→ **પંજાબ એન્ડ સિંધ બેન્ક**

૧૫. આઈ.એસ.એસ.એફ. વિશ્વકપ-૨૦૧૩માં કોને સુવર્ણ પદક પ્રાપ્ત કર્યો. ?
→ **નિશાનેબાજ હિના સિદ્ધુ**

૧૬. ૨૦૧૩માં ભારતીય ખેલાડી પૂજા કાદિયાને કઈ રમતમાં સુવર્ણ પદક પ્રાપ્ત થયો ?
→ **વુશૂ**

૧૭. પેરિસ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૧૩નો ખિતાબ કોને પ્રાપ્ત થયો ?
→ **નોવાક જોકોવિચ**

૧૮. તાજેતરમાં કયા ગોલકીપર ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ફુટબોલમાંથી સન્યાસ લીધો ?
→ **ગોલકીપર માર્ક શેવાર્જરે**

૧૯. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ફુટબોલમાંથી સન્યાસ લેનાર માર્ક શેવાર્જરે કયા દેશનાં ખેલાડી છે?
→ **ઓસ્ટ્રેલિયા**

૨૦. અબુધાબી ફોર્મુલા ગ્રાંડ પ્રીક્સ-૨૦૧૩ ખિતાબ જીતનારસેબેસ્ટિયન વેટલ કયાંના વતની છે ?